# ઈન્સ્પાયર એવોર્ડ

## ઈન્સ્પાયર એવોર્ડ માનક

ડૉ. અનિલ એલ. ધામેલિયા
સિ. લેકચરર ડાયટ ભાવનગર

- આ યોજનાની શરૂઆત ૨૦૦૯-૨૦૧૦
- આ શરૂઆતના વર્ષોમાં મેન્યુઅલી કાર્યરત
- **DST** દ્વારા શ્રેષ્ઠ ૨૦૦૦૦૦ બાળકોને ૫૦૦૦ રૂપિયાનો એવોર્ડ
- વર્ષ ૨૦૧૩થી આ યોજનામાં નામાંકન ઓનલાઈન
- www.inspireawards-dst.gov.in

- Registration → Application ID → User ID
  ↓
  Nomination ← Log in ← Password setting
  ↓
  Forword to DA → Forword to SA → Forwoard to NA

- હાલમાં ૧00000 બાળકોને ૧0000 રૂપિયાનો એવોર્ડ

- ઈન્સ્પાયર યોજનામાં બદલાવ

- **INSPIRE AWARDS – MANAK યોજના**
- **MANAK – Million Minds Augmenting National Aspiration and Knowledge**

  (રાષ્ટ્રીય આંકાંક્ષાઓ/અગત્યતા અને જ્ઞાનમાં વધારો/ફેલાવો કરતા લાખો મન/વિચારો)
- આ યોજનામાં **INNOVATION** શબ્દ ફક્ત વિજ્ઞાન જ નહિ પણ

  ગણિત, ડીજીટલ ઇન્ડિયા, એગ્રીકલ્ચર, પર્યાવરણ, રોજીંદી સમસ્યાનું નિરાકરણ, સ્વચ્છ ભારત, મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, વાલીના વ્યવસાય સંબંધિત સમસ્યા વિવિધ સરકારી પહેલનું વિસ્તૃતીકરણ જેવા કોઈપણ કાર્યક્ષેત્ર સાથે સંબંધિત.
- આ નવી યોજનામાં **DST** સાથે **NIF** જોડાયેલ છે. **NIF** ઇનોવેટીવ આઈડિયાની સમીક્ષા કરી શ્રેષ્ઠ આઈડિયા **DST**ને આપશે.

- INSPIRE AWARDS MANAK યોજનાનું અમલીકરણ
- શાળા કક્ષાએ આચાર્ય દ્વારા આંતરિક આઈડિયા સ્પર્ધાનું આયોજન અને 1 થી 5 ની પસંદગી કરી તેનું નોમીનેશન
- Forword to DA → Forword to SA → Forwoard to NIF and DST દ્વારા ૧૦૦૦૦૦ લાખ વિચારોની પસંદગી
- તમામ વિદ્યાર્થીઓને ૧૦૦૦૦ રૂપિયા તેના ખાતામાં જમા થશે અને તેમાંથી જિલ્લા સ્તરના પ્રદર્શનમાં ભાગીદારી
- જીલ્લામાંથી રાજ્ય સ્તરના પ્રદર્શન માટે ૧૦% મૌલિક વિચારોની પસંદગી

- INSPIRE AWARDS MANAK યોજનાનું અમલીકરણ
- રાજ્ય સ્તરના પ્રદર્શનમાંથી ૧૦%ની પસંદગી
- રાષ્ટ્ર કક્ષાના પ્રદર્શનમાં ભાગ લેતા પહેલાં NIFનો વર્કશોપ. તેમાં રાષ્ટ્રની નામાંકિત સંસ્થાઓ વર્કિંગ મોડેલ માટે મદદરૂપ થશે. અંતે રાષ્ટ્ર કક્ષાના પ્રદર્શનમાં ભાગ લેશે.
- રાષ્ટ્ર કક્ષાએ આવેલા ૧૦% ઇનોવેટીવ પ્રોજેક્ટમાંથી બેસ્ટ ૬૦ પ્રોજેક્ટની પસંદગી. અને માર્ચ માસમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનાર THE ANNUAL FESTIVAL OF INNOVATIONમાં ૬૦ પ્રોજેક્ટને રજૂ કરાશે.

# ❑ INSPIRE AWARDS MANAKમાં કેવા નોમિનેશનનો અસ્વીકાર થશે?

❑ સામાન્ય વિચાર/પ્રોજેક્ટ (પુસ્તકોમાં આપેલ ઉદા. જેવા કે.....)

- જળ વિદ્યુત પ્રોજેક્ટ - વરસાદી પાણીનો સંગ્રહ
- water level indicator - જૈવિક ખાતર
- લેટર બોક્ષ એલાર્મ કે કોઈ બીજા એલાર્મ
- ઊર્જા ઉત્પન્ન કરવા માટેના ટર્બાઈનનો ઉપયોગ
- બિન ઉપયોગી બેટરી/છાણ/વાહન વ્યવહાર/મોજા દ્વારા વીજ ઉત્પાદન અને ભૂકંપ એલાર્મ વગેરે.

- INSPIRE AWARDS MANAKમાં નોમીનેશન પસંદગીના આધારો.
- બાળક દ્વારા આપવામાં આવેલ વિચારની જાણકારી
- નાવિન્યતા
- નજીકના ભવિષ્યમાં સામાજિક ઉપયોગિતા
- ઉપયોગમાં સરળતા
- પર્યાવરણીય અસરો
- વ્યવસાયની દ્રષ્ટિએ પ્રચારની ક્ષમતા વગેરે.

# INSPIRE AWARD SCHEME- MANAK FAIR 2024/25

- કૃતિનું નામ :
- વિદ્યાર્થીનું નામ :
- માર્ગદર્શક શિક્ષકનું નામ :
- શાળાનું નામ/તાલુકો/જિલ્લો :

- પ્રસ્તાવના **(Introduction)** :
- કૃતિ તૈયાર કરવા માટેનો હેતુ **(Ration behind construction of the exhibit)** :
- વૈજ્ઞાનિક સિધ્ધાંત **(Scientific Principle)** :
- જરૂરી સાધન સામગ્રી **(Material Required)** :
- રચના અને કાર્ય પધ્ધતિ **(Construction and Working)** :
- વ્યવહારીક ઉપયોગીતા **(Applications)** :
- સંદર્ભ **(References)** :
- કૃતિનો લાઈન ડાયાગ્રામ અથવા ફોટોગ્રાફ **(Line Diagram or Photograph of the Exhibit)** :

# Project Synopsis sample

- વિધાર્થીનું નામ:- ..........................................................
- જન્મ તારીખ:- ..............................ઉંમર વર્ષ:-.................... ધોરણ:- ......................
- શાળાનું નામ અને સરનામું:- ..........................................................

  ..........................................................
- ઘરનું સરનામુ:- ..........................................................
- વિધાર્થી / વાલીનો મોબાઈલ નંબર:- ..........................................................
- ઈનોવશેન વિચાર / પ્રોજેકટનું શિર્ષક:- ..........................................................
- ઈનોવશેન વિચાર / પ્રોજેકટનું વિવરણ:- (શક્ય હોય તેટલુ ઊંડાણથી)

**સમસ્યા**..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**સમાધાન**..........................................................

..........................................................

..........................................................

..........................................................

- ઈનોવશેન વિચાર / પ્રોજેકટનો ફોટોગ્રાફ્સ / ચિત્ર / ડાયાગ્રામ (હોયતો)

# બાહેધરી

આથી હુ બાહેધરી આપુ છુ કે ઉપરોકત ઈનોવેશન વિચાર / પ્રોજેકટ માં મારા શિક્ષક , માતા-પિતા કે અન્ય કોઈ વ્યકિત નો સહયોગ નથી આ મારો પોતાનો મૌલિક વિચાર છે.

વિધાર્થીનું નામ

વિધાર્થીની સહી

# INSPIRE AWARD

# MOBILE

# APP

# કેટલીક મુશ્કેલીઓ અને ધ્યાનમાં રાખવાની બાબતો

- ONLY ONE TIME REGISTRATION
- CHECK EMAIL ID AND APPLICATION CODE
- EMAIL ID CHANGE
- PASSWORD
- USER ID
- STUDENT NAME AND BANK DETAILS
- ACKNOLEDGEMENT

# INSPIRE RELATED VIDEOS

INSPIRE NIF VIDEO CLIP

https://youtu.be/EU68SJkOlaI
https://youtu.be/zzDmX75uNig
https://youtu.be/TbT20DJukUM
https://youtu.be/OOONi8qHLoc
https://youtu.be/QIghJKBIkuo

ARTICLE JIVAN SHIKSHAN
JUNE - 2023

# INSPIRE AWARDS – MANAK Scheme

- વિજય પટેલ

**આ લેખમાં 'ઇન્સપાયર એવોર્ડ'ની વિગતવાર માહિતી આપવામાં આવી છે, સાથે સાથે ઇન્સપાયર એવોર્ડમાં ભાગ લેવા શું-શું કરવું પડે એ અંગે પણ માહિતી આપી છે, વળી ઇન્સપાયર એવોર્ડને લગતા QR Code પણ મૂકી આપેલ છે, જે સૌને ઉપયોગી થશે.**

વર્ષ ૨૦૦૯-૧૦ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યૂ દિલ્હી દ્વારા શરૂ કરવામાં આવેલી ઇન્સ્પાયર એવોર્ડ યોજના હાલ ઇન્સ્પાયર એવોર્ડ-માનક યોજના તરીકે ઓળખાય છે. તેનો અર્થ આ મુજબ થાય છે.

INSPIRE- INNOVATION IN SCIENCE PURSUIT FOR INSPIRED RESEARCH

MANAK- Million Minds Augmenting National Aspiration and Knowledge

આ યોજનામાં અત્યાર સુધી innovation શબ્દ ફક્ત વિજ્ઞાન ક્ષેત્ર સાથે સંકળાયેલ હતો, પરંતુ નવી યોજનામાં innovation શબ્દ માત્ર વિજ્ઞાન જ નહીં પણ વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત, સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, એગ્રીકલ્ચર, પર્યાવરણ, બાળકનાં વાલી જે વ્યવસાય સાથે જોડાયેલ હોય તેને સંબંધિત સમસ્યા, સમાજવ્યવસ્થા, રોજિંદી સમસ્યાઓનું નિરાકરણ તેમજ વિવિધ સરકારી પહેલનું વિસ્તૃતીકરણ જેવા કોઈ પણ કાર્યક્ષેત્ર સાથે સંબધિત રહેશે.

ઇનોવેશન એ માત્ર સ્પર્ધાત્મક સફળતા મેળવવા માટે જ નહી, પરંતુ કોઈ પણ સંસ્થા, ઔદ્યોગિક વસાહતો તેમજ વૈશ્વિક જગતમાં દેશના ઉત્તરોત્તર વિકાસ માટે જરૂરી છે. ઇનોવેશન માનવજીવનની ગુણવત્તા સુધારણામાં, ઉત્પાદન પ્રક્રિયામાં તેમજ વિવિધ સામૂહિક સેવાઓમાં ફાળો આપે છે. આ રીતે ઇનોવેશન એ માત્ર સંશોધનાત્મક પ્રક્રિયાઓ પૂરતું જ મર્યાદિત નથી.

ઇનોવેશન સાથે સર્જનપ્રક્રિયા જોડાયેલ છે. દરેક બાળક સર્જનાત્મક હોય છે. બાળકોમાં સર્જનાત્મકતા જન્મજાત હોય છે. તેની માત્રાઓ જુદી જુદી હોઇ શકે, પરંતુ ક્રિયાઓમાં સામ્ય હોય છે. ઇન્સ્પાયર એવોર્ડ યોજના બાળકોની સર્જનશીલતા અને રચનાત્મક વિચારોની સંસ્કૃતિના ફેલાવાની સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી સામાજિક જરૂરિયાતોને પૂરી કરવા માટેની દિશા માટેની એક પહેલ છે.

ઇન્સપાયર એવોર્ડ-માનક યોજનામાં વિજ્ઞાન અને ટેકનોલોજી ભવન, ન્યુ દિલ્હી (DST) સાથે નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (NIF), ગાંધીનગર નામની સંસ્થા જોડાયેલ છે. NIF ભારતમાંથી ઓનલાઇન સબ્મિટ થયેલ ઇનોવેટિવ આઇડિયાની સમીક્ષા કરી શ્રેષ્ઠ ઇનોવેટિવ આઇડિયા DST ને આપે છે.

## INSPIRE AWARD MANAK યોજનાનું અમલીકરણ:

- આ યોજના અંતર્ગત ભારતમાંથી પ્રતિ વર્ષ અંદાજે કુલ દસ લાખ આઇડિયા નોમિનેટ કરવાનું લક્ષ્ય હોય છે. જે પૈકી એક લાખ શ્રેષ્ઠ આઇડિયા કે ઇનોવેશનની એવોર્ડ માટે પસંદ કરવામાં આવશે.
- શાળા દ્વારા વધુમાં વધુ પાંચ બાળકોનું નોમિનેશન કરી શકાય છે. શાળા દ્વારા નામાંકિત થયેલ વિદ્યાર્થીઓની વિગતોની જિલ્લા કક્ષાએ જિલ્લા નોડલ અધિકારી દ્વારા ચકાસણી કરી રાજય કક્ષાએ નોમિનેશન ફોરવર્ડ કરવામાં આવે છે. રાજયકક્ષાએથી નોમિનેશન NIFને ફોરવર્ડ કરવામાં આવે છે. NIFની કમિટી તમામ નોમિનેશનની તજ્જ્ઞ દ્વારા ચકાસણી કરી શ્રેષ્ઠ ઇનોવેશન DSTને ફોરવર્ડ કરે છે. DST દ્વારા પસંદગી પામેલ ઇનોવેટિવ વિચાર આપનાર વિદ્યાર્થીને એવોર્ડ માટેની રકમ રૂપિયા દસ હજાર જે તે બાળકના બૅંક ખાતામાં સીધા જમા થાય છે.
- એવાર્ડની રકમની મદદથી વિદ્યાર્થી પોતાના ઇનોવેશનને મોડેલ કે પ્રોજેકટનું સ્વરૂપ આપશે અને તેને જિલ્લા કક્ષા (DLPC) અને રાજય કક્ષા (SLPC) સુધીની પ્રોજેકટ સ્પર્ધામાં રજૂ કરશે. આ પ્રદર્શનો નવેમ્બર- માસ સુધીમાં પૂરા કરવાનું અંદાજિત આયોજન હોય છે.
- રાજય કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ઇનોવેશનને રાષ્ટ્ર કક્ષાએ મોકલવામાં આવે છે.
- રાષ્ટ્ર કક્ષાની પ્રોજેકટ સ્પર્ધા (NLPC)માં ભાગ લેતા પહેલા રાજયના શ્રેષ્ઠ ઇનોવેટિવ પ્રોજેકટ રજૂ કરનાર વિદ્યાર્થીઓને નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન વર્કશોપના માધ્યમથી મદદરૂપ બનશે. આ વર્કશોપમાં રાષ્ટ્રની નામાંકિત સંસ્થાઓ IITs, NITs, IISERs, Central

# ARTICLE JIVAN SHIKSHAN JUNE - 2023



Universities વગેરેના તજજ્ઞો દ્વારા બાળકોના ઇનોવેટિવ પ્રોજેક્ટને વર્કિંગ મોડેલ બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. આ વર્કશોપને અંતે રાષ્ટ્ર કક્ષાના ઇન્સ્પાયર પ્રદર્શનમાં ભાગ લેવા માટે તમામ બાળકો પાસે તેમનું વર્કિંગ મોડેલ હશે.

- રાષ્ટ્રકક્ષાના ઇન્સ્પાયર એવોર્ડ પ્રોજેક્ટ પ્રદર્શન ડિસેમ્બર માસના પહેલા સપ્તાહમાં આયોજન કરવાનું લક્ષ્ય હોય છે. જેમાં ભારતનાં જુદાં-જુદાં રાજ્યોમાંથી આવેલ એક હજાર ઇનોવેટિવ પ્રોજેક્ટમાંથી શ્રેષ્ઠ સાઠ (૬૦) પ્રોજેક્ટ પસંદ કરવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત ભારતના શ્રેષ્ઠ સાઠ (૬૦) પ્રોજેક્ટ માટે જો આ પ્રોજેક્ટ લોકભોગ્ય હોય તો તેની સરકાર અને DST ના માધ્યમથી વિદ્યાર્થી નામથી પેટન્ટ લેવામાં આવશે. (પેટન્ટ ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષની હોઈ શકે). જેની તમામ પ્રક્રિયા ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.
- પેટન્ટના આધારે સરકાર દ્વારા વિદ્યાર્થીના મોડેલમાંથી બનેલ પ્રોડક્ટને વૈશ્વિક બજારમાં ઉત્પાદન અને વેચાણ અર્થે મૂકવામાં આવશે. અને તેના થકી જે રોયલ્ટીની આવક બનશે તે જે બાળકના નામે પેટન્ટ હશે તેને મળશે.
- માર્ચ માસમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનાર The Annual Festival of Innovation માં આ બેસ્ટ ૬૦ ઇનોવેશન રજૂ કરવામાં આવશે.

**ઇન્સ્પાયર એવોર્ડ–માનક યોજનામાં ભાગ લેવા માટે શાળા કક્ષાએ તૈયારી :**

- ઇન્સ્પાયર એવોર્ડ માટે જે શાળાઓએ અગાઉ રજિસ્ટ્રેશન કરાવેલ છે તેણે નવું રજિસ્ટ્રેશન કરવાનું નથી, તેમના જૂના એકાઉન્ટમાં જ લોગીન કરી વિદ્યાર્થીનું નોમિનેશન કરવાનું છે.
- જે શાળાઓએ હજુ સુધી ઇન્સ્પાયર એવોર્ડ માટે શાળા રજિસ્ટ્રેશન કરાવેલ નથી, તે શાળાઓએ www.inspireawards-dst-gov.in વેબસાઇટ પર જઈ સૌ પ્રથમ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે અને આપના USER ID અને પાસવર્ડ મેળવી લેવાના રહે છે. આ સમગ્ર યોજનાને વિશેષરૂપે સમજવા અને નોમિનેશન કરવા માટે નીચે કેટલાંક QR Code આપેલા છે. જેની મદદથી આપને વિશેષ માહિતી મળશે.

**QR Code નો ઉપયોગ કેમ કરશો ?**

QR Code એ ઓનલાઇન માહિતી ઝડપથી મેળવવા માટેનો લિંક ખોલી આપતો આધુનિક કોડ છે. જેને સ્કેન કરી તમે મોબાઇલ ફોનની મદદથી માહિતી પર સીધા પહોંચી શકો છો કે તેને ડાઉનલોડ પણ કરી શકાય છે. આ માટે નીચેની પ્રક્રિયા અનુસરી શકાય. આપના મોબાઇલમાં ઇન્ટરનેટ શરૂ કરો. → ગૂગલ પ્લે સ્ટોર એપ્લિકેશન શરૂ કરો. → QR Code Reader સર્ચ કરો. → આપને ઘણી QR Code Reader એપ. જોવા મળશે. → તેની વિગતો ચકાસી યોગ્ય QR Code Reader આપના મોબાઇલમાં ઇન્સ્ટોલ કરો. → હવે QR Code Reader એપ. શરૂ કરી નીચે આપેલા કોડ સ્કેન કરો. → જોવા મળતી લિંકને ખોલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇન્સ્પાયર એવોર્ડ યોજના-વીડિયો માર્ગદર્શિકા | ઇન્સ્પાયર એવોર્ડ શાળા રજિસ્ટ્રેશન અને નોમિનેશન માટેની વેબસાઇટ | ઇન્સ્પાયર એવોર્ડ - માનક યોજના પ્રેઝન્ટેશન | ઇન્સ્પાયર એવોર્ડ રજિસ્ટ્રેશન અને નોમિનેશન ગાઇડલાઇન | નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનની વેબસાઇટ | NIF માં રાષ્ટ્રભરમાંથી સ્વીકૃત થયેલ ઇનોવેશન |
| NIF માં ગુજરાતમાંથી સ્વીકૃત થયેલ | ઇનોવેશન રજિસ્ટ્રેશન અને નોમિનેશન સમગ્ર પ્રક્રિયા | સ્કૂલની રજિસ્ટ્રેશનની વિગત જાણો | સ્કૂલનું નવું રજિસ્ટ્રેશન કરવું | રજિસ્ટ્રેશન થયેલ એકાઉન્ટમાં લોગીન | વિદ્યાર્થી નોમિનેશન કેમ કરશો? |

વધુ માહિતી માટે – ૧. શ્રી નિલેષભાઇ ચાંપાનેરી – ડાયટ અમરેલી (૯૮૭૯૪૯૯૫૬૫) તથા તમામ જિલ્લાના ડાયટ વિજ્ઞાન સલાહકાર

૨. શ્રી કાન્તિભાઇ પટેલ – નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન –(૯૯૭૪૫૯૮૦૪૪)

# FOR ANY HELP


DST : us.inspire-dst@nic.in

NIF : inspire@nifindia.org

DIET : dietbhavnagar1@gmail.com

MOBILE NO. 9825834482 (Anilbhai)

# આભાર